For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કોર્ટે આ કેસને 'રેરેસ્ટ ઓફ ધ રેર' દેહાંત દંડની સજા ફટકારી

# ભાગીદારના પુત્રના હત્યારાને ફાંસી

**આજીવન** કેદની સજામાં વહેલી સજા મુક્તિ બાદ જેલમાં મળેલા કીર્તિભાઈ સાથે જરીનો વેપાર શરૂ કર્યો હતો


**ભાગીદાર** સાથે રૂપિયાના વિવાદમાં ભાગીદાર કીર્તિભાઈના પુત્ર યશ પર એસિડ હુમલો કરી 2019માં કટરથી હત્યા કરી હતી

સુરતઃ સાળાની હત્યા કેસમાં આજીવન સજાની કેદ ભોગવતા આરોપી બેચરભાઈ ભગવાનભાઈ કાકડિયાએ જેલ મુક્ત થયા બાદ જરીના વેપારમાં ભાગીદારના પુત્ર પર એસિડ એટેક કરી કટર મારી ઘાતકી હત્યા કરી નાંખી હતી. આ કેસને એડિશનલ સેશન્સ કોર્ટના જજ જયેશકુમાર લક્ષ્મણભાઈ શ્રીમાળીએ રેર ઓફ ધ રેર કેસ ગણીને આરોપી બેચરભાઈને ફાંસીની સજા ફટકારી હતી.

...અનુસંધાન પાના 14 પર

### સુધરવાની તક મળી છતાં આરોપીનાં સુધરવાના કોઈ સંજોગો ન હતા

સુરતઃ ફાંસીની સજા ના હુકમની સાથે કોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપીને સુધરવાની તક મળી છતા સુધરવાના કોઈ સંજોગો ન હતા. આરોપીએ ગંભીર પ્રકારનો અને સમાજ વિરોધી ગુનો કર્યો છે તેમજ આવા સમાજ વિરોધી ગુનાઓનું પુનરાવર્તન ન થાય એ માટે આરોપીને યોગ્ય સજા કરવાની રહે છે. રેકર્ડ પર આવેલી હકીકતો, આરોપીની ગુનાહિત વર્તણૂક તેમજ આરોપી દ્વારા જે પ્રકારે હાલનો ગુનો કરવામાં આવેલ છે, તે ધ્યાને લેતાં હાલનો કેસ અપવાદ માં પણ અપવાદ રૂપ ગણી શકાય.



### કઇ કલમ હેઠળ કેટલી સજા

302 (હત્યા) હેઠળ ફાંસીની સજા
326 (મારામારી) આજીવન કેદ
જી. પી. એકટની કલમ 135(1)માં છ માસની કેદ

### આરોપીઓને ફાંસીની સજા કરાવવામાં સરકારી વકીલ નયન સુખડવાલા અને ટીમની ભારે મહેનત રહી છે

સુરત કોર્ટમાં મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલા સહિત તેમની ટીમના સરકારી વકીલોએ આવા કેસનાં આરોપીનાં જઘન્ય અપરાધને પુરવાર કરવામાં હંમેશાં સફળ રહ્યાં છે. કોર્ટનાં ન્યાયાધીશો પણ ગંભીર ગુના આચરનારાને કાયદાની પરિઘમાં રહી ખૂબ જ ટુંકા ગાળામાં સજા કરીને સમાજમાં દાખલો બેસાડે છે.

### હાલની સજા સાથે સુરતમાં અત્યાર સુધીમાં 10 ફાંસીની સજા કરાઈ છે, મુખ્ય ફાંસીના કેસની વિગતો

૧. પાંડેસરા એસિડ મર્ડર કેસ(૨૦૨૬): ગુનેગાર બેચર કાકડિયા, ઘટનાઃ વર્ષ ૨૦૧૯માં ધંધાકીય અદાવતમાં આરોપીએ ૨૩ વર્ષના નિર્દોષ યુવક (યશ) પર એસિડ રેડીને કટર વડે અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા કરી હતી. જૂન ૨૦૨૬માં સુરત સેશન્સ કોર્ટે આ કેસને અત્યંત ઘાતક ગણાવી આરોપીને ફાંસીની સજા ફટકારી છે.
૨. ગ્રીષ્મા વેકરિયા હત્યા કેસ(૨૦૨૨): :ગુનેગારઃ ફેનિલ ગોયાણી, ઘટનાઃ ફેબ્રુઆરી ૨૦૨૨માં સુરતના પાસોદરા વિસ્તારમાં એકતરફી પ્રેમમાં પાગલ ફેનિલે, ગ્રીષ્મા નામની યુવતીની તેના પરિવાર અને જાહેરમાં લોકોની સામે જ ગળું કાપીને ઘાતકી હત્યા કરી દીધી હતી. કોર્ટે માત્ર ૭૦ દિવસમાં ટ્રાયલ પૂરી કરી તેને ફાંસીની સજા સંભળાવી હતી.
૩. સચિન માસૂમ બાળકી દુષ્કર્મ-હત્યા કેસ (૨૦૨૩): ગુનેગારઃ યુસુફ સલીમ હજાત (ઇસ્માઇલ)ઘટનાઃ ફેબ્રુઆરી ૨૦૨૩માં સચિન વિસ્તારના કાપલેથા ગામમાં આ નરાધમે પોતાના જ મિત્રની પોણા બે વર્ષની માસૂમ બાળકીને લાલચ આપી અપહરણ કર્યું અને ત્યારબાદ તેના પર બળાત્કાર ગુજારી ચપ્પુથી તેની ક્રૂર હત્યા કરી નાખી હતી.
૪. પાંડેસરા અઢી વર્ષની બાળકીનો કેસ (૨૦૨૧): ગુનેગારઃ ગુડ્ડુ યાદવ, ઘટનાઃ નવેમ્બર ૨૦૨૧માં પાંડેસરા વિસ્તારમાં રહેતી અઢી વર્ષની બાળકીને ચોકલેટની લાલચ આપી આ આરોપી ઝાડીઓમાં લઈ ગયો હતો, જ્યાં તેની પર દુષ્કર્મ આચરી ગળું

...અનુસંધાન પાના 14 પર

### બેચર એસિડ ફેંકી હત્યા કરવાની ટેવવાળો છે

1 વર્ષ 1999માં વરાછામાં સાળા શાંતિલાલ ઉપર એસીડ નાંખી તેની હત્યા કરી નાંખી હતી.
2 2004માં પેરોલ પર બહાર આવી પત્ની ભાવના અને સાળા ઉપર એસિડ એટેક કર્યો હતો.
3 2019 ભાગીદાર સાથે વિવાદમાં તેમના પુત્ર યશ કિર્તીભાઇ દોશી પર એસિડ નાંખી હત્યા કરી.

### કેસનો ઘટનાક્રમ

(1) ગુન્હો દાખલ થયા તારીખ 28/03/2019
(2) કોર્ટમાં 60 દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા
(3) ગુન્હા કામે કુલ 54 માંથી 36 સાક્ષીને ચકાસાયા
(4) કોર્ટે 30/05/2026 આરોપીને તકસીરવાર ઠરાવ્યા
(5) 04/06/2026 સજા માટે હુકમ જાહેર કરવામાં આવ્યો

# મોદી આજે 8મી વખત દમણ પધારશે

દમણઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતી કાલે શુક્રવારે એક દિવસીય મુલાકાતે દમણ આવી રહ્યા છે. છેલ્લા એક દાયકામાં તેમનો આ પ્રદેશનો આઠમો પ્રવાસ છે. મોદી માટે 'નવું ભારત' થીમ આધારિત કાર્યક્રમ અંતર્ગત નાની દમણના સ્વામી વિવેકાનંદ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સાંજે જનસભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલ, જનપ્રતિનિધિઓ, વરિષ્ઠ અધિકારીઓ તેમજ હજારો નાગરિકો ઉપસ્થિત રહેશે. વડાપ્રધાનના હસ્તે આશરે 2,970 કરોડના ખર્ચે તૈયાર થયેલા અને પ્રસ્તાવિત કુલ 56 વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવશે. જેમાં આરોગ્ય, નાગરિક ઉડ્ડયન, પર્યટન, માળખાકીય સુવિધાઓ, કનેક્ટિવિટી અને જનકલ્યાણ જેવા વિવિધ ક્ષેત્રોને આવરી લેતી આ યોજનાઓ થકી પ્રદેશના સર્વાંગી વિકાસને નવી દિશા મળશે. જેમાં આઈકોનિક બ્રિજ, દમણ કન્વેક્શન સેન્ટર અને નિફ્ટ કેમ્પસ મહત્વપૂર્ણ યોજનાઓમાં સમાવિષ્ટ રહેશે. વડાપ્રધાનના આગમનને લઈને પ્રશાસન દ્વારા તમામ તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવી છે. શુક્રવારે

...અનુસંધાન પાના 14 પર


દીર્ઘ દ્રષ્ટિના સુકાન થકી "૨૦૪૭ ના પ્રખર વિઝન" સાથે ભારત રાષ્ટ્રને વિશ્વ ગુરૂ તરફની પ્રખર પ્રસ્તાવનાની હાંકલ કરનારા

પર્યાવરણ પ્રેમી પ્રધાનમંત્રીશ્રી મોદીજીનું પવિત્ર તાપી નદીના સાન્નિધ્યમાં વસેલા "હુરતીઓના શહેર" માં ભવ્ય સ્વાગતમ્...



વિકાસના પાયાનું પદ્ધતિસરનું બિયારણ રોપી અને તેમાં અનુભવના નિચોડનું ખાતર પ્રસરાવી,

જનકલ્યાણના જળસિંચનથી સફળતાના અંકુરનું કાયમી બીજ પ્રગટાવી, અખંડિતતાનાં ફૂલો સાથે પારસમણિના રોપા પાથરી,

ભવિષ્યના હિંદુસ્તાન માટે કાયમી છાયારૂપી સમૃદ્ધિ તથા વિશ્વફલક પર અડગ અને અનન્ય રીતે ટકી રહે તેવું ઘટાદાર વૃક્ષ સ્વરૂપ ભારત રાષ્ટ્રને અનન્ય, આગવું અને અદ્વિતીય બનાવવાના મહાનતમ વિચારો, સાર્થક પ્રયાસો અને અપ્રતિમ દીર્ઘદ્રષ્ટિના કલાશિલ્પી યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીને પવિત્ર તાપી નદીના સાન્નિધ્યમાં વસેલા, "વીર નર્મદના સુરતશહેર" માં, મનીષ પટેલ એન્ડ એસોસિયેટ્સ, લો-હાઉસના પરિવારજનો તરફથી લાખો સલામ સાથે આવા ગૌરવવંત ઈતિહાસના સાક્ષી બનવા બદલ આપશ્રીનું હાર્દિક સ્વાગત કરીએ છીએ તથા ખૂબ ખૂબ આભાર અને હર્ષની લાગણી વ્યક્ત કરીએ છીએ.

સ્કિલ ડેવલપમેન્ટ સહિતની વિવિધ યોજનાઓને સાકાર કરીને યુવાધનને અનેક રીતે પ્રોત્સાહિત કરી, તેમજ ભારતની યોગશક્તિને વૈશ્વિક ઓળખ અપાવી, યશસ્વી સિદ્ધિઓ તરફ અનેક ક્ષેત્રોમાં દેશને અગ્રેસર બનાવનાર તથા હિંદુસ્તાનની વિદેશ નીતિ સહિત અનેક નીતિઓને શિખર પર પહોંચાડવા કટિબદ્ધ લોખંડી મનોબળના શિલ્પી શ્રી મોદીજીને ભગવાન શ્રીરામના આશીર્વાદ સાથે સદાય નિરોગી રહી દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય અને માતૃભૂમિની દીર્ઘકાલીન સેવા તથા રક્ષા માટે અનન્ય શક્તિ પ્રાપ્ત થાય એવી જગતજનની સમક્ષ હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ.



સ્વપ્ન સંકલ્પ થકી અનેક સિદ્ધીઓના પ્રહરી, અદમ્ય સાહસના સ્ત્રોત, અથાગ પરિશ્રમી જનજીવનની સમૃદ્ધિ અને સાર્વત્રિક વિકાસના જનેતા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીજીનું અનેરૂ સ્વાગત કરી અહોભાવ અને ધન્યતાની અનન્ય લાગણી અનુભવીએ છીએ

"મનિષ પટેલ એન્ડ એસોસીએટ્સ, લો-હાઉસ"
૫, પ્રકાશ સોસાયટી, જલારામ ડેરીની બાજુમાં, આદર્શ ભવન પાસે, અઠવાલાઇન્સ, સુરત-૧ (મો) ૯૮૨૫૧ ૨૧૨૦૦


# પીએમના કાર્યક્રમ પહેલા જ ઈનડોર પાસે ભૂવો પડ્યો

**મુખ્ય** ગેટની બહાર રસ્તા પર જ પડેલા ભૂવાને કારણે અધિકારીઓ દોડતા તઈ ગયા

**અધિકારીઓ** દ્વારા તાબડતોડ રિપેરિંગની કામગીરી શરૂ કરવામાં આવી

સુરતઃ આવતીકાલે વડાપ્રધાન સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં આવેલા પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈન્ડોર સ્ટેડિયમ ખાતે એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમને સંબોધિત કરવાના છે. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે પાલિકા દ્વારા તમામ આખરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી હતી, તે જ સમયે સ્ટેડિયમના મુખ્ય ગેટની

...અનુસંધાન પાના 14 પર

### પ્રિ-મોન્સુન કામગીરીમાં પોલમપોલ, હજુ ચોમાસું શરૂ થયું નથી ત્યાં ભૂવો પડ્યો ત્યારે ચોમાસામાં શું થશે?

આ ઘટનાએ સુરત મહાનગર પાલિકા દ્વારા દર વર્ષે કરવામાં આવતી કરોડો રૂપિયાના ખર્ચની

...અનુસંધાન પાના 14 પર



# વડાપ્રધાન બન્યા બાદ મોદી આજે નવમી વખત સુરતની મુલાકાત લેશે

**મુખ્યમંત્રી** હતા ત્યારે અનેક વખત સુરત આવ્યા પરંતુ વડાપ્રધાન તરીકે વ્યસ્ત થયા બાદ પણ સુરતને ભૂલ્યા નથી

**અત્યાર** સુધીમાં આઠ વખત મોદીએ સુરત આવીને રોડ શો, ઉદઘાટનો, યુવાનો સાથે સંવાદ, સભા સહિતના કાર્યક્રમો કર્યા

સુરત : વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સુરત સાથે વિશેષ પ્રેમ છે. જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે અસંખ્ય વખત સુરતની મુલાકાત લીધી હતી પરંતુ વડાપ્રધાન બન્યા બાદ પણ તેઓ અવારનવાર સુરત આવતા રહ્યા છે. વડાપ્રધાનના 12 વર્ષના કાર્યકાળમાં નરેન્દ્ર મોદી અત્યાર સુધીમાં આઠ વખત સુરતની મુલાકાત લઈ ચૂક્યા છે. આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સુરતની નવમી વખત

...અનુસંધાન પાના 14 પર

### વડાપ્રધાન બન્યા બાદ મોદી ક્યારે ક્યારે સુરત આવ્યા હતા?

- **16, 17 એપ્રિલ, 2017:** સુરતમાં મોદીએ એરપોર્ટથી સર્કિટ હાઉસનો ભવ્ય 11 કિ.મી.નો રોડ શો કર્યો હતો, બીજા દિવસે કિરણ મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું
- **30 જાન્યુ., 2019 :** સુરતમાં મોદીએ ઈનડોર સ્ટેડિયમમાં આયોજીત ન્યુ ઈન્ડિયા કોન્ક્લેવમાં વિવિધ ક્ષેત્રના યુવાનો સાથે સંવાદ કર્યો હતો
- **15 જૂન, 2022:** તેઓ સુરત આવ્યા હતા અને ઇન્ડોર સ્ટેડિયમ ખાતે વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.
- **29-30 સપ્ટેમ્બર, 2022:** વિધાનસભા ચૂંટણી પહેલા સુરતમાં ભવ્ય રોડ શો કર્યો અને બાદમાં લિંબાયતના નીલગીરી ગ્રાઉન્ડ ખાતે મહાસભા કરી.
- **27 નવેમ્બર, 2022 :** મોદીએ મોટા વરાછા ખાતે આવેલા ગોપીન ફાર્મમાં વિધાનસભાની ચૂંટણી સંદર્ભમાં જાહેરસભા કરી હતી
- **17 ડિસેમ્બર, 2023:** તેમણે સુરતની મુલાકાતે આવીને અત્યાધુનિક સુરત ડાયમંડ બોર્સ (SDB) અને નવા બનેલા સુરત એરપોર્ટના નવા ટર્મિનલ ભવનનું ભવ્ય લોકાર્પણ કર્યું હતું.
- **15 નવેમ્બર, 2025 :** મોદીએ પાંચ રાજ્યોની ચૂંટણી પુરી થયા બાદ સુરત એરપોર્ટ પર એક જાહેરસભાને સંબોધન કર્યુ હતુ
- **18 નવેમ્બર, 2025:** તેમણે સુરત ખાતે નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કરી હતી અને સુરત એરપોર્ટ ખાતે એક જાહેર સભાને સંબોધી હતી.




ભારતના યુગપુરૂષ, ભારતને જગતગુરૂના સ્થાને સ્થાપિત કરવા અથાગ મહેનતથી ભારતને વિશ્વના ફલક ઉપર મુકી ઊંચેરૂ સ્થાન અપાવનાર સ્વપ્નદ્રષ્ટા નિડર, સાહસિક, શિસ્તબદ્ધ. ભારતના દરેક નાગરીકના ભવિષ્યની ચિંતા કરનાર સમભાવી, પ્રાચીન ધાર્મિક તિર્થોના જીર્ણોદ્ધાર કરનાર ધર્મપ્રિય, સુરતને જ્વેલરી હબ બનાવનાર સ્વપ્નદ્રષ્ટા, સર્વપ્રથમ ગુજરાત અને ત્યારબાદ સમગ્ર દેશના દરેક રાજ્યોમાં

વિકાસનો ડંકો વગાડનાર...
ભારતના લોકપ્રિય, લોકલાડીલા પ્રધાનમંત્રી
પ્રધાન સેવક
શ્રી નરેન્દ્રભાઈ દામોદરદાસ મોદી
સુરતની સુવર્ણ ધરતી ઉપર
ડી. ખુશાલભાઈ જ્વેલર્સ - વેસુ
દિપકભાઈ ચોકસી
...હાર્દિક સ્વાગત કરે છે...




શ્યામ પ્લાઝા, શ્રી ખાટુ શ્યામ મંદિર પાસે, V.I.P રોડ, વેસુ. (મો) +91 98241 12196

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર


### મોજે ગામ આંજણા રે.સ.નં.૫૫ પૈકી ૧, ૫૫ પૈકી ૨, ૫૫ પૈકી ૩, ટી.પી. સ્કીમ નં.૭ (આંજણા) ફા. પ્લોટ નં.૧૨૦ થી ૧૨૨ વાળી જમીન ઉપર આયોજીત મિલેનિયમ-૩ (વસંત ગજેરા-ગજેરા બંધુઓ) સંબંધે જાહેર ચેતવણી

ઉપરોક્ત દર્શાવેલ જમીન તેમજ મોજે ગામ : આંજણા મુકામે આવેલ સર્વે નં.૫૬ પૈકી ૧, ૫૪ પૈકી ૨, ૫૬ પૈકી ૩ થી નોંધાયેલી જમીન કે જેનો ટી.પી.સ્કીમ નં.૭, ફાયનલ પ્લોટ નં.૯૫ થી ૯૭ છે તે જમીન નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટી લિ. ની માલિકીની ચાલી આવેલી છે. સદર સોસાયટીમાં જુદા-જુદા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટોનું આયોજન કરવામાં આવેલુ છે. તેમાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૮૯ અન્વયેનો પ્લોટ મારા અસીલ નટવરભાઈ અર્જુનભાઈ પટેલે વેચાણથી રાખેલા છે અને તે જ સોસાયટીમાં બીજા ઈસમોએ પણ જુદા-જુદા પ્લોટો વેચાણથી રાખેલા અને તે સંબંધે મારા અસીલના લાભમાં તેમજ જુદા-જુદા ઈસમોના લાભમાં જે-તે પ્લોટ સંબંધે કાયદેસરના લખાણો કરી પ્લોટનો કબજો પણ સોંપવામાં આવેલ છે. નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સોસાયટી તરફે જમીનમાલિકો વિરૂધ્ધ સુરતની સિવિલ કોર્ટમાં રે. દિ. મુ. નં.૨૨૪/૧૯૯૫ નો દાવો પણ કરવામાં આવેલો. તે દાવામાં પણ નવસર્જન સોસાયટી દ્વારા સોસાયટીના પ્લોટોમાં સોસાયટીના સભ્યો બનાવવામાં આવેલાની હકીકત તેમજ તે સભ્યો દાવાવાળી જમીન-મિલકત-પ્લોટના કબજામાં ચાલી આવેલ હોવાની હકીકત કબુલ કરવામાં આવેલ છે. નવસર્જન સોસાયટીએ જાહેર હરાજીમાં જમીન ખરીદ કરેલ હોવાથી મજકુર જમીનોની ગામ નમુના નં.૭/૧૨માં માલિક તરીકે નવસર્જન સોસાયટીનું નામ તા.૨૫/૦૫/૧૯૮૪ ના રોજની એન્ટ્રી નં. ૩૯૦ તથા ૩૯૧ થી દાખલ કરવામાં આવેલું. ત્યાર બાદ નાયબ કલેકટરશ્રી, ચોર્યાસીપ્રાંત, સુરતનાએ મજકુર એન્ટ્રીઓ પ્રમાણિત થયા બાદ ૪ વર્ષ ઉપરાંતનો સમય વીત્યા બાદ સુઓમોટો રીવીઝનમાં લઈને આરટીએસ/રીવી/રજી નં.૭૧/૧૯૮૯ ના કામે હુકમ કરીને મજકુર એન્ટ્રીઓ રદ કરી ગણોતધારાની કલમ-૮૪(સી) મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરેલો, જે હુકમ વિરૂધ્ધ શ્રી નવસર્જન ઈન્ડ.સર્વિસ સોસાયટી લિ. એ કલેકટરશ્રી સુરતનાને ત્યાં આરટીએસ/અપીલ નં.૨૭/૧૯૯૩ દાખલ કરેલી, જે અપીલ કલેકટરશ્રીએ તા.૨૧-૦૧-૧૯૯૪ ના રોજ રદ કરેલી, જે હુકમ વિરૂધ્ધ શ્રી નવસર્જન ઈન્ડ. સર્વિસ સોસાયટી લિ. મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદ મુકામે રીવીઝન અરજી નં.સત/હકપ/૧૪/૯૫ કરેલી, પરંતુ અમદાવાદ મહેસુલ પંચ દ્વારા પણ કલેકટરનો હુકમ માન્ય રાખી નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટીની અપીલ/રીવીઝન અરજી રદ કરેલી. સદરહુ હુકમ વિરૂધ્ધ નવસર્જન સોસાયટી દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સિવિલ એપ્લી.૨૩૮૦/૧૯૯૫ તથા એલ.પી.એ. નં.૪૩૮/૧૯૯૫ કરવામાં આવેલી. તે કામે પ્લોટો વેચાણ આપવામાં આવેલા છે અને કબજો સોંપવામાં આવેલ છે તેની સોસાયટી તરફથી કબુલાત પણ થયેલી, તેમ છતાં ઉપરોક્ત દર્શાવેલ જમીનમાં મારા અસીલના પ્લોટ નં.૮૯ તેમજ અન્ય પ્લોટ હોલ્ડરોના માલિકી હકો નષ્ટ કરવાના બદઈરાદે અને પુર્વયોજિત કાવતરાના ભાગરૂપે નવસર્જન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. સર્વિસ સોસાયટી દ્વારા મારા અસીલની જાણ બહાર અને સંમતિ વિના સદરહુ સોસાયટી તરફે જશવંતીબેન ઠાકોરભાઈ પટેલે હાઈકોર્ટ રૂબરૂના સ્પેશ્યલ સિવિલ એપ્લી. નં.૨૩૮૦/૧૯૯૫ તથા એલ.પી.એ. નં.૪૩૮/૧૯૯૫ કેસો કોઈપણ જાતના સત્તા કે અધિકાર વિના ખેંચી લીધેલ, જે સામે એક પ્લેટ હોલ્ડર રામકિશોરભાઈ નવીનચંદ્ર તગારીવાળાનાઓએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. નં.૬૨/૨૦૧૮ થી તા.૦૬/૦૨/૨૦૧૮ ના રોજ જશવંતીબેન ઠાકોરભાઈ પટેલ તથા અન્યો વિરૂધ્ધ ફરિયાદ પણ નોંધાવેલી હતી. સદર પ્લોટવાળી જમીન અલગ-અલગ દસ્તાવેજો કરી અન્યોને ગેરકાયદેસર રીતે વેચાણ કરેલી, સબબ તે વેચાણ દસ્તાવેજો રદ કરવા માટે મારા અસીલ નટવરભાઈ અર્જુનભાઈ પટેલે તેમજ બીજા પ્લોટો હોલ્ડરોએ સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૫૪/૨૦૧૬નો દાવો દાખલ કરેલ છે અને તેમાં મનાઈ અરજી પણ આપેલી છે. જે દાવો તથા મનાઈ અરજી કોર્ટમાં પેન્ડીંગ છે, તેમ છતાં ટાઈટલમાં દર્શાવેલ જમીન ઉપર 'મીલેનિયમ-૩' ના નામથી જુદી-જુદી દુકાનોનું આયોજન કરી તેના ટાઈટલ ચોખ્ખા, ક્લીયર અને માર્કેટેબલ હોવાની ગેરરજુઆત કરીને તે વેચાણ કરવા માટેની તજવીજ વસંતભાઈ હરિભાઈ ગજેરા વિગેરે કરી રહેલ છે, જેથી હરકોઈને આથી ચેતવણી આપી જણાવવામાં આવે છે કે, 'મીલેનિયમ-૩' માં આવેલ દુકાનો સંબંધે વસંતભાઈ હરીભાઈ ગજેરા વિગેરે સાથે કે બીજા કોઈ પણ ઈસમ સાથે વેચાણનો કે બીજો કોઈ પ્રકારનો કોઈ વ્યવહાર કરવો નહીં કે તે દુકાનો ઉપર કોઈપણ બેંક કે ફાયનાન્સીયલ સંસ્થાએ ધિરાણ આપવું નહી. વેચાણ વ્યવહાર કરનારને કાયદેસરનો કોઈ માલિકી હક પ્રાપ્ત થશે નહીં અને ધિરાણ કરનારના નાણાં ડુબી જશે, એટલું જ નહી પણ ફોર્જરી, વિશ્વાસભંગ, છેતરપીંડીના ગુનાઓ સબંધે વ્યવહાર કરનાર વ્યકિતની પણ કાવતરામાં સામેલગીરી ગણી, તેમની સામે હમારા અસિલ ફોજદારી રાહે કાર્યવાહી કરશે, જેની સૌએ ગંભીર નોંધ લેવી.

૩૦૭, ટ્રેડ હાઉસ,
સ્ટેટ બેંકની સામે, નાનપુરા,
અથુગર મહોલ્લો, સુરત.

કિરીટ સી. પાનવાલા,
ભાવેશ ડી. ચલીઆવાલા,
એડવોકેટ્સ



### નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

ઉજ્જવળ ભવિષ્યના તમે પાયા બન્યાં, પ્રેરણા અને પ્રોત્સાહના સુકાની બન્યા, તમારી દીર્ઘ દ્રષ્ટી અને ધ્યેય પૂર્તિની ધગશ, બને છે અમારા માર્ગદર્શક અને સંરક્ષક, ભલે નથી તમે આજ સદેહે અમારી વચ્ચે, પણ વસો છો હંમેશા અમર આત્મા સ્વરૂપે, સફળતાની સફરમાં તમે નથી હવે સાથી, એ ખોટ ચાલતી રહેવાની સદાની. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારી સૌની પ્રાર્થના.

સ્વ. શાંતિલાલ મગનભાઈ પટેલ
સ્વ.તા.૦૫/૦૬/૨૦૧૭
(દામકાવાળા)

લિ. ગં.સ્વ. ચંપાબેન શાંતિલાલ પટેલ

| | |
|---|---|
| મોહનભાઈ મગનભાઈ પટેલ | દેવેન્દ્ર શાંતિલાલ પટેલ |
| હસમુખભાઈ મગનભાઈ પટેલ | પ્રફુલ્લ શાંતિલાલ પટેલ |
| ચીમનભાઈ મગનભાઈ પટેલ | કાજલ કલ્પેશભાઈ પટેલ (પુત્રી) |
| રમણભાઈ મગનભાઈ પટેલ | પ્રિયા દેવેન્દ્ર પટેલ |
| સ્વ. ભરતભાઈ મગનભાઈ પટેલ | વંદના પ્રફુલ્લ પટેલ |
| કલ્પેશભાઈ રમણભાઈ પટેલ (જમાઈ) | |

મીત, જશ, હિયા, હેયાન્શ, ઈયાન તથા સમસ્ત પરિવાર



### ચોથી પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ

સ્વ. ચંપાબેન હરકિશનભાઈ કટારીયા
(રીટાયર્ડ - સિટી સર્વે સુપરિન્ટેન્ડેન્ટ)
જન્મ તા. ૩૧-૦૧-૧૯૫૨
સ્વ. તા. ૦૫-૦૬-૨૦૨૨

સુખને છલકાવ્યું નહીં,
દુ:ખને દેખાડયું નહિ,
જીવનભર મહેનત કરી શુન્યમાંથી સર્જન કર્યું. ધુપસળીના માફક જીવન જીવી સુગંધ ફેલાવી જીવન પથના કાંટા સહન કરી કુટુંબ માટે ફૂલો પાથર્યા. આપની યાદ અને આદર્શોને સ્મરણાંજલિ સાથે પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

શ્રી હરકિશનભાઈ ડી. કટારીયા (પતિ)

| | |
|---|---|
| શ્રી નિતીનકુમાર એચ. કટારીયા (પુત્ર) | અ.સૌ. શિલ્પાબેન નિતીનકુમાર કટારીયા (પુત્રવધુ) |
| શ્રી મયુરકુમાર એચ. કટારીયા (પુત્ર) | અ.સૌ. જાસ્મીન મયુરકુમાર કટારીયા (પુત્રવધુ) |
| ડૉ. સંદીપકુમાર જી. ઠક્કર (જમાઈ) | ડૉ. મલ્લીકાબેન સંદીપકુમાર ઠક્કર (દીકરી) |

રિષી નિતીનકુમાર કટારીયા - મેઘ સંદીપકુમાર ઠક્કર
તથા સમગ્ર કટારીયા પરિવાર